





એક પછી એક નિવેદનોમાં આગળ ધપે છે,
પટાવેલા ભાજપી નેતાઓને તો એજ ખપે છે
તપે છે સૂરજ વિકાસનો, અંબાણીઓની ઓથે -
સંતો પણ હવે એમના નામની માળા જપે છે

સમજો બાપુ!
'ગુજરાત' એટલે -
'નરેન્દ્ર મોદી'..

લ્યો! પરતંત્રો!
હવે અપાવશે 'એ
સાચી આઝાદી!




## ચિંતન

**ધિગસ્ત્વેતાં વિદ્યા ધિગપિ કવિતા ધિક્ સુજનતાં વયોરૂપં ધિગ્ધિગ્ધિગપિ ચ યશો નિર્ધન વતઃ ।**
**અસૌ જીયાદેકઃ સકલ ગુણહીનો અપિ ધનવાન્ બહિર્યસ્ય દ્વારે તૃણલવનિભાઃ સંન્તિ ગુણિનઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'ધનિકની પ્રશંસા'માં ધન અને ધનિકનો મહિમા ગાવામાં આવ્યો છે :

'નિર્ધન પુરૂષની વિદ્યાને ધિક્કાર છે, તેની કવિતાને ધિક્કાર છે, તેની સુજનતાને ધિક્કાર છે, તેની વય અને યશને પણ ધિક્કાર છે, ખરેખર ધનિક માણસ બધા જ ગુણોથી રહિત હોય તો પણ તે એકલો જીવન જીવી રહ્યો છે અર્થાત એને કોઇની સાથે સંબંધ નથી ને કોઇની પડી નથી, જેના ઘરને બારણે બધા જ ગુણવાન પુરૂષો તણખલાની તોલે તુચ્છ બની, ધનિકની કૃપા પામવા ઊભા રહે છે.'

આજના કવિયુગમાં સદ્ગુણો-વિદ્વતા, બુધ્ધિ અને આવડતનું મહત્ત્વ નથી. માત્રને માત્ર 'પૈસા'નું મહત્ત્વ છે, પૈસા દ્વારા 'એવોર્ડ', પૈસા દ્વારા પરીક્ષામાં ટકા, ડીગ્રીઓ, નોકરીઓ, અને બધું જ પ્રાપ્ત થઇ શકે છે.

નિર્ધન સાહિત્યકાર, ઊંચો કવિ હોય તો પણ તેની યોગ્ય કદર થતી નથી, એવોર્ડ-સન્માન પ્રાપ્ત થતાં નથી એ તો પૈસા દ્વારા જ 'પ્રયોજી' શકાય છે, વિદ્વાન-પંડિત-વડીલને માનપાન, સન્માન નથી મળતાં પણ ધનિકને વિના માગ્યે મળે છે.

## સુવિચાર

- આંખનો ભાવ, હાવ-ભાવ, માત્ર માનવી જ નહીં પશુઓ પણ વાંચી શકે છે - **શરદબાબુ**
- કોઇ પણ કામ શાંતિપૂર્વક અને સ્વસ્થતાથી કરવામાં આવે ત્યારે તે વધારે અસરકારક બને છે - **માતાજી**
- પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવી એ જ ધર્મ, ઇશ્વરપૂજા છે - **સાધુ વાસવાણી**
- નિયમ અને નિયમિતતામાં વેકેશન-રજા ન હોય, ઇશ્વર શું રવિવારે આરામ કરે છે? - **એસ.ભટાચાર્ય**
- શાંતિ, વાર્તાલાપો કે લાકડીના જોરે સ્થાપી શકાતી નથી એ તો અરસપરસની સમજૂતીથી જ સ્થાપી શકાય. - **આઇનસ્ટાઇન**
- જે લોકો જોઇ શકે છે તેમની પાસે સાચી દૃષ્ટિ નથી એ શું ચિંતાનો વિષય નથી? - **હેલન કેલર**
- ક્રૂરની સાથે ક્રૂરતા, કપટીની સાથે કપટ, અને હિંસકની સામે સવાઇ હિંસા એ જ ધર્મ અને શૂરવીરતાનું લક્ષણ છે - **વીર સાવરકર**

## બોધ કથા

આપણા શાસ્ત્રોમાં આશ્રમોની વ્યવસ્થા સો વર્ષના યોગ્ય વિભાજનથી કરવામાં આવી છે. બ્રહ્મચર્યાશ્રમ-ગૃહસ્થાશ્રમ-પ્રૌઢ અને વાનપ્રસ્થાશ્રમ-આમાં સમાજની સુવ્યવસ્થા સચવાતી, દરેક આશ્રમનું એકમેક પર સંચાલન-સંકલનની કડી હતી. સંસાર વ્યવહારનાં બધા વર્ણો એકમેકનું ધ્યાન રાખતા. તપોવનમાં ભણતાં-ભણાવતાં ઋષિઓને રાજયાશ્રય-ગૃહસ્થો સમાજસેવાનો ભાગ રાખી દસ ટકા દાન કરતો. વૃધ્ધાવસ્થામાં 'યૌવન'ને સંચાલન સોંપી શેઠ-માલિક-નેતા નિવૃત્ત થઇ જતા..

આમાં જ ભારતીય સંસ્કૃતિનું દર્શન હતું. આજે તો નેતા-રાજાઓ-અધિકારીઓ શોષણ અને ઘર ભરવામાંથી ઊંચા જ નથી આવતા. આમાં ગરીબો-પશુ-પંખી-નું ધ્યાન તો એ લોકો ક્યાંથી રાખે?!

સવારના પ્રથમ પહોરમાં, સૂર્યોદયના પગલા પડતાં જ તેની પાનીનાં દબાણે લાલ-લાલ થતી દેખાતી ક્ષિતિજમાં આકાશમાં પંખીઓ ઉડતાં હતા. વહેલી સવારના 'ચણ'ની શોધમાં નિકળેલાં પંખીઓનો મધુર કલરવ ગૂંજતો હતો, એક ખેડૂત, જુવારના ખેતરની રખવાળી કરતો, માંચડા પર, ગોફણ ગોળ ગોળ ફેરવતો આ સૂર્યોદય અને પંખીઓનું સંગીત માણસો હતો.

- ત્યાંથી પસાર થતા સાધુએ આ દૃશ્ય જોયું, ખેતરમાં ડૂંડવા પર પંખીઓ ચણતાં હતા, તે જોઇ કહ્યું, ભાઇ તારા ખેતરને પંખીઓ ચણે છે અને તેનું આકાશ સામે કેમ જોઇ રહ્યો છે? ખેડૂત બોલ્યો, અત્યારે 'રામ પ્રહર' છે, સૂર્યોદય છે પંખી ભૂખ્યાં છે, તેમનો પણ હક છે ચણી લેશે પછી ઉડાડીશ!..

આ 'હતી' ભારતીય સંસ્કૃતિ..

## સમાચાર સેતુ

સાંપ્રત સમાજમાં વિકૃતિઓનો વ્યાપ વધી રહ્યો છે અને માનવસહજ મૂલ્યોનું ધોવાણ થઈને માનવગરિમા ભૂલાઈ રહી છે, તે પુનઃ સ્થાપિત થાય તેવું પ્રેરણાત્મક અને મનોરંજનનું નહીં, પરંતુ મનોમંથનનું હોય તેવું સુસાહિત્ય લખાય તથા સ્વચ્છ અને સ્વસ્થ સમાજનું સ્થાપન થાય, સામાજિક એકરસતા કેળવાય અને કોમી સંવાદિતા સ્થપાય તે માટેનાં સાહિત્યકારોનાં દાયિત્વને અનુલક્ષીને, જનહિતાર્થે નવસાહિત્યનું સર્જન કરવા અને તેવા સાહિત્યનાં પ્રચાર અને પ્રસાર અર્થે ગાંધીનગર સાહિત્ય સભાએ સકારાત્મક અભિગમ અપનાવેલ છે, તે અંતર્ગત ગાંધીનગર સાહિત્ય સભાના વાર્ષિકોત્સવ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગરના સહયોગથી ''સાહિત્યિક પરિસંવાદ''નું આયોજન કરવામાં આવેલ છે, જે અંગેના આમંત્રણપત્રો ગોઠવેલ છે, જે સમયસર મળે કે ન મળે, ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો અચૂક, સમયસર હાજર રહેવા વિનંતી છે.

તા. ૧૦-૨-૨૦૧૩ને રવિવાર, સવારે ૧૦ : ૦૦ થી સાંજે ૫ : ૩૦ સુધી.

વક્તા :
(૧) વી.એસ. ગઢવી, IAS (Retd)
વિષય : લોક સાહિત્યમાં વ્યક્ત થયેલી સંવેદના
(૨) ભાગ્યેશ જહા, IAS
વિષય : સંસ્કૃત સાહિત્યકાર વ્યક્ત થયેલી સંવેદના
(૩) નિમેશ દેસાઇ
વિષય : રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મમાં વ્યકત થયેલી સંવેદના
(૪) તખતદાન રોહડિયા 'દાન અલગારી'
વિષણ : ચારણી સાહિત્યમાં વ્યકત થયેલી સંવેદના

# સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

**● કાવ્ય સેતુ : ગ્રીન સીટી**

કહેવાય છે કે
આ ગ્રીન સીટી છે,
પરંતુ અહીંનું એકેય ઝાડ
એ વાત માનવા તૈયાર નથી!
એમને ખબર છે કે
અહીં ઊગેલા માણસો રહેતા નથી;
આવેલા માણસો રહે છે!
મૂળ ઊઘાડાં થઈ જાય ત્યાં સુધીની
માટી કાઢી લીધી છે, એમણે!
માણસોને તો ખબર નહીં
પણ વૃક્ષોને તો જરૂર લાગવા માંડ્યુ છે કે
એમનામાં રોજ કોઈ
સિમેન્ટ પૂરી રહ્યું છે!
આ લોકો
કાલે શ્વાસો વહેરીને
હીંચકા બાંધે તો કંઈ કહેવાય નહીં!
જુઓ, જુઓ,
લીલાં ઝાડનો દેવતા પાડનારા આ લોકો
વરસાદની ઝડીમાં ના'તાં વૃક્ષોનાં
પોસ્ટરો થોડા નારા કરશે
માટી વિનાના ખાડાઓમાં થોડાં ઝાડ રોપશે
ઝારી વડે ઉપર ઉપરથી પાણી રેડશે
પછી ઘરે જઈ આખું વન અંગૂઠે ઠેલી દેશે...

- દલપત પઢિયાર

**● ગઝલ : પ્રકૃતિ**

રાત અંધારતી પણ કેવી રૂડી હોય છે.
આકાશે તારલા જ તેની મૂડી હોય છે.
ગુલાબના છોડમાં જેમ મુખ કાંઠા હોય છે.
ધરતીને તો મેઘના અમી છાંટણાં હોય છે.
સુંદર મોરનાં જેમ પગ રાંટા હોય છે.
ભક્ત માટે ભગવાનના અનેક નામ હોય છે.
પણ એમનાં હૃદયમાં જ નાવ તરતી હોય છે.
પુનમ કેરી રાતે દરિયામાં ભરતી હોય છે.
સૂર્ય કેરા પ્રકાશમાં કળીઓ ખીલતી હોય છે.
ધોમધખંતા ગરમી તે ઝીલતી હોય છે.

- ગુલાબ એન. પટેલ

**● સાચું શમણું**

કરી હિંમત માનવ જુએ જો કોઈ સ્વપ્નું...
બને છે કટીબધ્ધ, સાકાર કરવા સ્વપ્નું... (૧)
ને બની જાય છે હૃદયની ઈચ્છા શમણું...
દિવસે દિવસે બને છે, બળવત્તર રોજ શમણું... (૨)
જીવો છો કેવું ને કેટલું, પરિસ્થિતિઓ સામે...
જીવનનો ધ્યેય કરી નક્કી,સ બને છે ચાલકબળ સ્વપ્નુ... (૩)
વ્યવહાર અન્ય સાથે કેવો, બતાવી જાય છે સ્વપ્નું...
સમગ્ર વૃત્તિઓ અને પ્રવૃત્તિઓનો, સરવાળો છે સ્વપ્નું...(૪)
ન સફળતા જીવનમાં કેવળ, બુધ્ધિઆંક કે ડીગ્રીઓથી...
કે ન સફળતા મળવા પદવીઓ કે નામનાથી... (૫)
છે જીવન સાર્થક, નીજ ધ્યાન શક્તિ થકી..
રહી કાર્યરત એકાગ્ર, જીવન નિરીક્ષકથી... (૬)
બાંધી એક સૂત્રે જીવન જીવાડી જાય છે સ્વપ્નું...
જીવી જીવન અર્થપૂર્ણ, સાચું ધ્યેય બની જાય છે સ્વપ્નું...(૭)

- રચના : રમણલાલ એમ. શ્રીમાળી

**● ખારાપાટની ખૂશ્બુ : (શિખરિણી - સૉનેટ)**

રચે ખારાપાટે ભરપુર જળે લૂણ પકવે,
કરે ધોળીકાળી ખરવ મજુરી વેઠ વળગે;
ધરે મીઠા મોતી સબરસ ફળે જાત ખરચે,
વસે ખારાં નીરે નમક ધમકે ભૂમિ ઉજલે (૪)
કમે કૂકા કોડી ખડ-તણખલાં ખાર ખબકે,
જમે રોટી પ્યાજે રહન સહને ભૂખ દળતાં;
રહેણાંકે ભૂંગા સુખદુઃખસહે ખાર ખખડે,
કરે પાળાબંધી મબલખ ઢગે લૂણ લણતાં (૮)
વિના પીળા પાને અવિરત યુવા મોત ભરખે,
વધે વૃક્ષો ખારા પતઝડ નમે છાંય છલકે;
ઉડે પંખી ટોળે હિજરત કરે વ્હારે વિનવે,
ફળો ફૂલો નાચે વનઉપવને ખાર ઉપજે (૧૨)
ઢળે સૂર્યા સાંજે સલિલ ચળકે સોન વરણે,
શુશ્રૂષા મીઠાશે હરદમ કરે સાલન સજે (૧૪)

- બાબુલાલ એમ. વણઝારા

**● યાયાવર : બે**

રણ વચાળે
પરપોઠા સમ ઊપસી આવેલી જમીન
ગોળ વળાંકોની જેમ
જેને ખોળે
ખારાં પાણીનીય પરવા કર્યા વિના
મહિનાઓ ગુજારે છે ફ્લેમિંગો
હકીકતમાં માટીનાં માળા
વૃક્ષો હોત તો કદાચ
આ માળા એમના ઉપર રચાયા હોત
આ માળાઓને કોઈએ
'સિટી' નામ આપી દઈ
આશ્ચર્ય ચકિત કરી મૂક્યા બધાયને
સિટી એવી સ્તો હશે -
જયાં ફ્લેમિંગો અને બીજાં અનેક પંખી
નિર્ભય બની
બેસતાં હશે, રમતાં હશે, કેલિ કરતાં હશે
અને સૌથી મજાની વાત કે
રણ છે ત્યાં સુધી
પ્રણય લીલામાં બીજી કશી દખલ નહીં
બે ચાંચ વચ્ચે
ફક્ત ઊના ઊના શ્વાસ

- મનોહરલાલ બાથમ
- અનુવાદ : અચના પટેલ

# ...અમને તો શંકા છે કે હવે એક દિવસ એવો આવશે કે આપણે જયારે પાન ખાવા જઇશું ત્યારે પાનવાળો પણ પાનકાર્ડ માગશે!

## હળવાશની ક્ષણોમાં !

### સપ્તપદીમાં પાનકાર્ડ!

- ચિત્રસેન શાહ

સપ્તપદીમાં ફેરા ફરતી વખતે ચોથો ફેરો ફરતાં પહેલા કન્યાને ઓચિંતા જ યાદ આવ્યું કે એન્ગેજમેન્ટ વખતે વર પક્ષે આપેલ વાયદા પ્રમાણે પાનકાર્ડ રજૂ કર્યું નો'તું અને તેમનાં છેલ્લા વાયદા મુજબ વરરાજા મોડામાં મોડું સપ્તપદીના ફેરા પહેલાં તો પાનકાર્ડ ચોક્કસપણે રજૂ કરી દેશે તેવી વાત હતી!

તેથી કન્યાએ ચોથા ફેરા પહેલા વર પક્ષ પાસે પાનકાર્ડની માગણી કરી!

વાત જાણે એમ છે કે અમેરીકાથી ઓચિંતા જ આવીને ધડાધડ લગ્ન કરીને અમેરિકા પાછા જવાના ભાગમભાગ પ્રોગ્રામને કારણે વાઈબ્રન્ટ મેરેજ નક્કી કરતા પહેલાં સાવચેતીના પગલા રૂપે કન્યાના પિતાએ મુરતિયાના પિતા પાસે નીચેના ડૉક્યુમેન્ટસ માગ્યા હતા!

- પાનકાર્ડ!
- બેન્ક એકાઉન્ટના પાસબુકની ઝેરોક્સ!
- રેસીડેન્ટ્સ પ્રુફ!
- છેલ્લા બાર મહિનાના બીલ્સની ઝેરોક્સ!

આમાંથી પાનકાર્ડ સિવાયના ડોક્યુમેન્ટસ તો વેવાઇ પક્ષે રજૂ કરી દીધા હતા. પરંતુ I.T. ડિપાર્ટમેન્ટ તરફથી પાનકાર્ડ સમયસર નહીં મળતાં ઉપર મુજબ વાયદો કર્યો હતો!

ઈલેકટ્રીક બિલ્સની રકમ જોઈને લાખેણી કન્યાના મિલિયોનેર પિતાશ્રીની લાગણી દુભાઇ હતી! તેમણે થનાર વેવાઈને પૂછ્યું - 'આટલું ઓછું બીલ આવે છે તો તમે ઉનાળામાં એ.સી. કે શિયાળામાં રૂમ હીટરનો ઉપયોગ નથી કરતાં?!'

વેવાઈએ જવાબ આપ્યો - 'અમારે ત્યાં મોટા ભાગે સોલાર ઉપકરણોનો જ ઉપયોગ વધારે થાય છે! સોલાર વોટર હીટરથી માંડી સોલાર કુકર, સોલાર લાઇટ વિગેરે. તેથી બીલ ઓછું આવે જ ને! અરે આનાથી ઉલટું અમે તો રૂફટોપ સોલાર એનર્જી ઉત્પાદન કરીને કયારેક આજુબાજુવાળાઓને વીજળી વેંચીએ પણ છીએ! ત્યારે થાય છે એવું કે અમારે બીલ ભરવા માટે લાઇનમાં ઉભવું પડતું નથી પરંતુ અમારે ત્યાં બીલ ભરનારાઓની લાઈનો લાગે છે!'

કન્યાના પિતાને થનાર વેવાઈની સૂક્ષ્મ રમૂજવૃત્તિ અને હ્યુમરસ સ્વભાવ ગમી ગયો! આ હાસ્યવિનોદે બંને પક્ષને નજીક લાવી દીધા અને સંબંધ બંધાઈ ગયો! હાસ્યથી બંધાયેલા સંબંધોએ ફેવીકોલ કે સિમેન્ટથી સંધાયેલી વસ્તુઓ કરતાં પણ વધારે મજબૂત હોય છે!

પરંતુ તેમ છતાં સમયસર પાનકાર્ડ નહીં મળતાં વરપક્ષ વાળા મુંજવણમાં તો હતા જ! પરંતુ ત્યારે તેમની નજર ન્યૂજ પેપરની એક જાહેરાત પર પડી, જેમાં લખ્યું હતું - 'મૂંઝાઇ ગયા છો? તો ચાલ્યા આવો અમારી પાસે! અમારી પાસેથી તાત્કાલિક મળી શકશે -

- પાનકાર્ડ!
- મેરેજ સર્ટીફીકેટ! (મેરેજ કર્યા વગર પણ!)
- ડાઈવોર્સ સર્ટીફીકેટ! (ડાઈવોર્સ લીધા વગર જ!)
- બર્થ સર્ટીફીકેટ!
- ડેથ સર્ટીફીકેટ!

વિગેરે!'

અરે આ દુકાનદાર વિશે તો એમ કહેવાય છે કે જેના નામનું PAN કાર્ડ જોઈએ તે નામનું પાનકાર્ડ ચોવીસ કલાકમાં જ મળી જાય છે! અરે તમે કહો કે મહાત્મા ગાંધીના નામનું પાન કાર્ડ જોઈએ છે તો તે કહેશે 'મહાત્મા મંદિર પાસેની અમારી બ્રાંચ પરથી કાલે આ જ સમયે મેળવી લેજો!'

એક વાર એક ભાઈ તેમની દુકાને પહોંચીને કહે, 'મને મિસ્ટર X નું બર્થ સર્ટીફીકેટ અને ડેથ સર્ટીફીકેટ જોઈએ છે. તેમની જન્મ અને મૃત્યુ તારીખ આ પ્રમાણે છે.'

દુકાનદારે બીજા દિવસે આવવાનું કહ્યું. બીજા દિવસે પેલા ભાઇ પહોંચ્યાં ત્યારે બંને સર્ટીફીકેટ તૈયાર હતા. પરંતુ તેમાં બર્થ અને ડેથની તારીખમાં ઉલ્ટા સુલ્ટી થઈ ગઇ હતી! ડેથની ડેઇટની જગ્યાએ બર્થ ડેઇટ લખાઈ ગઈ હતી અને બર્થની જગ્યાએ ડેથની તારીખ લખાઈ ગઈ હતી!

કસ્ટમરે દુકાનદારને કહ્યું, 'અરે ભાઈ, જરા બુધ્ધિ તો ચલાવો! પ્રથમ માણસનો જન્મ થાય કે મૃત્યુ?!'

તો દુકાનદારે ચોંકાવનારો જવાબ આપ્યો!

તેણે કહ્યું, 'કેમ તમે પુનર્જન્મમાં નથી માનતા?!'

હકીકતમાં તે પુનર્જન્મ અંગેનું એક પુસ્તક વાંચતા વાંચતા આ બર્થ-ડેથ સર્ટીફીકેટનું કામ કરતો હતો!

એક કામ કરતાં કરતાં જયારે બીજું કામ પણ સાથે કરવા જઈએ ત્યારે આવા ગોટાળા સર્જાય છે અથવા તેના ઘણા ભયંકર પરિણામ પણ આવે છે!

દા.ત. કાર કે કોઈ પણ વ્હીકલ ચલાવતી વખતે મોબાઈલ પર વાત કરતાં ઘણીવાર અકસ્માત સર્જાય જ છે ને! વાતો કરતાં કરતાં સર્જિકલ ઓપરેશન કરતી વખતે ડૉકટરોથી પણ ભૂલમાં પેટમાં કાતર કે કપાસ વિ. રહી જવાના બનાવ પણ ઘણીવાર બને છે!

અરે, એકવાર તો એક રમુજી કિસ્સો પણ પ્રકાશમાં આવેલો! હાર્ટનું ઓપરેશન કરતી વખતે ડૉકટરને એક ફોન આવ્યો. ડૉકટર પાસે ત્યારે હાથમાં પેન કે પેડ તો હોય નહીં તેથી તેણે ફોન કરનારનો ફોન નંબર હાથવગા બહાર કાઢેલા હાર્ટ પર ટપકાવી લીધો!

હવે એ પેશન્ટ એ ફોન નંબરવાળા હાર્ટ સાથે કદાચ જીવતો હશે!

આર.ટી.ઓ. વાળા સોનોગ્રાફીમાં કદાચ એ નંબર જુએ તો તેને શરીરના એન્જિનનો સિરિયલ નંબર પણ માની બેસે!

આ રીતે એક કામ કરતાં કરતાં બીજા કામ કરવામાં ઘણીવાર ગોટાળા કે મુશ્કેલી સર્જાય છે!

જો કે લેખકો માટે કયારેક એનાથી ઉલ્ટું પણ બનતું હોય છે!

દા.ત. લેખક હાસ્ય લેખ લખતી વખતે કયારેક જો હેમામાલિનીના વિચારમાં ખોવાઈ જાય તો ત્યારે હાસ્યલેખમાં સૌન્દર્યનો ઉમેરો પણ થઈ જાય છે! (વાંચક અત્યારે જ તે અનુભવી શકશે!)

પાનકાર્ડથી શરૂ થયેલી આપણી આ સફરમાં આગળ વધતાં વધતાં ફરી પાછા આપણે એ જ જગ્યાએ પાનકાર્ડ પર જ પાછા આવી ગયા છીએ કારણ કે આ હળવાશનો રીંગ રોડ છે!

આજના સમયમાં તો વાતે વાતે અને દરેક જગ્યાએ પાનકાર્ડની જરૂર પડે છે! હમણાં અમારા એક પરિચિત પોતાના ફેમીલીમાં કોઈના લગ્ન પ્રસંગે 'ગોર મહારાજ'ને બુક કરવા ગયેલા ત્યારે ગોર મહારાજે પણ પાનકાર્ડની ઝેરોક્સ માગેલી! આ રીતે ઝેરોક્સ વાળાના બીઝનેશ પણ ધમધમે છે!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આધુનિકતાની આડમાં સોનાની ચિડિયાને કયાંક કાટ ન લાગી જાય

## સમન્વય

- અમિત રાવલ

ભારત એક એવો દેશ છે જેનો વિશ્વમાં ડંકો વાગતો હતો. એવો સુવર્ણકાળ જેની દુનિયા આખીને વાહ વાહ કરતી પડતી. સોનાની ચિડિયા તરીકે દુનિયામાં જેની ખ્યાતિ હતી તે ભારત દેશની આજની પરિસ્થિતિ કંઇક અલગ ચિતાર દર્શાવી રહી છે. આ એ જ ભૂમિ છે જેમાં ભગવાન રામ, શ્રીકૃષ્ણ જેવા પરમ શક્તિશાળી પ્રભુઓ જન્મ ધારણ કરી અવતર્યા હતા. નરસિંહ મહેતા જેવા ભક્તોની આ ધરા છે. વળી શિવાજી, રાણા પ્રતાપ જેવા મહા પરાક્રમી રાજાઓ પણ આ ધરાએ આપ્યાં છે. વર્ષોથી સંસ્કારોનું સિંચન કરતી આપણી સંસ્કૃતિ દુનિયામાં જગપ્રસિધ્ધ છે. ભૂતકાળ એની સાક્ષી પૂરે છે. સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિના ગાણા ગવાતા હતા.

અંગ્રેજો ભારત પર શાસન કરવાનાં સપના જોતા હતા. પણ તે સમય ઉન્નત વિચારો ધરાવતાં લોકો પાસેથી આ અપેક્ષા ઠગારી નિવડતી હતી. તેટલામાં લોર્ડ મેકોલે ભારતમાં અંગ્રેજી કેળવણીનો પાયો નાંખ્યો. શરૂઆતમાં ગોરા અંગ્રેજોએ મેકોલની આ વાતનો વિરોધ દર્શાવ્યો. તેઓને લાગ્યું કે આ ભારતીય પ્રજા શિક્ષિત બની જશે અને તેમનું ભારત પર રાજ કરવાનું સ્વપ્ન કાયમ માટે રગદોળાઇજશે. લોર્ડ મેકોલે તારીખ બીજી ફેબ્રુઆરી ૧૮૩૫ના રોજ બ્રિટીશ પાર્લામેન્ટને સંબોધન કરતો એક પત્ર લખ્યો. જેમાં તેણે નોંધ્યું કે ભારત દેશના ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના તમામ વિસ્તારોને મેં ખૂબ નજીકથી જોયા છે. હું આ બધું ફર્યો છું અને મેં અનુભવ્યું છે કે ભારત દેશ ખુબ સમૃધ્ધ છે. અને અહીંની પ્રજાનું નૈતિક મૂલ્યોનું સ્તર એટલું ઉન્નત છે કે મેં દેશમાં કોઇ નાગરિક એવો નથી જોયો કે જે ભિક્ષુક હોય કે ચોર હોય. હું નથી ધારતો કે આવા ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યોનાં ભંડાર ધરાવતા ભારત દેશને ક્યારેય આપણે જીતી શકીયે.

સિવાય કે તેની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસો કે જે દેશની કરોડરજ્જુ સમાન છે તેનો આપણે નાશ કરીએ. આથી હું દરખાસ્ત કરૂ છું કે આપણે તેની ગૌરવ સમી સદીઓ પુરાણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી અને તેની સાંસ્કૃતિક પ્રથાઓને જડમૂળથી જ બદલીએ તેથી આના પરિણામ સ્વરૂપે હિન્દુસ્તાનીઓ માનતા થાય કે જે કંઇ વિદેશી છે અથવા અંગ્રેજી છે તે તેમનાં કરતાં વિશેષ સારૂં અને ચડિયાતું છે. આને કારણએ જ તેઓ પોતાની ઓળખ અને આત્મગૌરવ ગુમાવશે. પોતાનું નીજી સાંસ્કૃતિક સ્વરૂપ ગુમાવશે અને ભારતીયો એવાં નાગરિક બની જશે જેવા આપણે ઇચ્છીએ છીએ. એ વૈચારિક રીતે અંગ્રેજોના સ્વૈચ્છિક ગુલામો બનશે. અને ભારત ખરાં અર્થમાં આપણા આધિપત્યવાળું ગુલામ રાષ્ટ્ર બની રહેશે.

વળી, તેણે પોતાના પિતાજીને તારીખ ૧૨, ઓકટોબર ૧૮૩૬નાં રોજ લખેલ પત્રમાં તેણે કહ્યું કે આપણે સ્થાપેલ શાળાઓ ખુબ સરસ ઉન્નતિ કરી રહી છે. હિન્દુસ્તાન પર આ શિક્ષણનો પ્રભાવ અદ્ભૂત થયો છે. અંગ્રેજી શિક્ષણ મેળવ્યું છે એવો એક પણ હિન્દુ નથી જે સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો હોય. થોડા એવા છે જે નીતિના વિચારોથી પોતાને હિન્દુ કહે છે, અને કેટલાંક ખ્રિસ્તી બની રહ્યાં છે. મારો વિશ્વાસ છે કે જો આપણી આવી જ શૈક્ષણિક નીતિ ચાલતી રહેશે તો અહીંની સન્માનિત જાતિઓમાં આગામી ત્રીસ વર્ષમાં એક પણ એવો બંગાળી બાકી નહીં હોય જે મૂર્તિપૂજક હોય. આ એમને ખ્રિસ્તી બનાવ્યા વિના જ થઇ જશે. એમનાં ધર્મમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા પણ નહીં રહે. આપણું અંગ્રેજી જ્ઞાન અને વિચારશીલતા વધારવાની એ કાર્ય આપમેળે થઇ જશે. આવી સંભાવના પર મને અત્યંત પ્રસન્નતા થઇ રહી છે. મેકોલે તેની આ નીતિમાં બહુ મોટા અંશે સફળ રહ્યો.

ત્યારબાદ ભારતની સમૃધ્ધિ ઉડીને અંગ્રેજોની આંખે વળગી. તેઓની કાળી દાનત એટલી હદે વધી કે અંગ્રેજોએ ભારતને ગુલામીની સાંકળોમાં બંદી બનાવી પોતાનું સામ્રાજય સ્થાપ્યું હતું. તે સમયનાં રાજાઓની અંદરોઅંદરની લડાઇનું એ પરિણામ હતું. ભારતે મસમોટો સમય અંગ્રેજોના ગુલામ બનવું પડ્યું. ભારતીય પ્રજાએ વગર વાંકગુન્હે ઘણું સહન કર્યું. આખરે ગાંધીજી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ સહિતના અનેક સપૂતોએ અંગ્રેજોને ભારતમાંથી તગેડી મુકવાની હાકલ કરી. અંગ્રેજોના નાકે દમ કરી દીધો. અંગ્રેજો હાંફી ગયા અને ભારત છોડી ગયા. અંગ્રેજો ગયા બાદ હવે ભારત આઝાદ છે. આઝાદીના ૬૬ વર્ષ બાદ ભારતે ઉન્નતિનિ દિશામાં હરણફાળ ભરી છે પણ નૈતિકતામાં ઘટાડો અવશ્ય થયો છે. આજકાલ અત્યાધુનિકતાની આડમાં ભારતીય સંસ્કૃતિના લીરા ઊડી રહ્યાં છે. ભારતમાં ઠેર ઠેર બળાત્કાર, લૂંટફાટ, ચોરી, મર્ડર, ધોખાધડીનો ફેલાવો વ્યાપી રહ્યો છે. સમાજમાં સ્વાર્થીપણું વધ્યું છે. સૌથી વધુ લોકો વિશ્વાસના નામે છેતરાય છે. દેશના સંતો અને નેતાઓ પોતાના કાર્યોમાં ઊણા ઉતર્યા છે. સાચા અર્થમાં લોકશાહીને છડેચોક લીલામ કરવામાં આવી રહી છે.


(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૯મી ફેબ્રુઆરી

● 'પ્રાચીનતાના મોતી વર્ષાવતા છેલ્લા રસમેઘ' કવિ દયારામની પુણ્યતિથિ. કૃષ્ણભક્તિને પરાકાષ્ઠાએ પહોંચાડી મધૂર કંઠ ધરાવતાં ગાયક-વાદ્યવિશારદ હતા. પોતે પણ રસજ્ઞોના પૂરા કદરદાન હતા. ૯-૨-૧૮૫૨માં અવસાન.



● ઇ.સ. ૨૦૦૬નું શાંતિ - નોબેલ પારિતોષિક સંયુક્ત રીતે ડો. મોહમ્મદ યુનુસને મળ્યું. 'વંચિતોના વાણોતર' તેમનું પુસ્તક છે, ગ્રામીણ બેન્કોની યોજનાના પુરસ્કર્તા, શિક્ષણ-લઘુઉદ્યોગ દ્વારા ગરીબ મહિલાઓ માટે કાર્ય કર્યું છે.

● સંસ્કૃત સાહિત્યના સંશોધક - ટૂંકી વાર્તાકાર નાગરદાસ પંડ્યાનો જન્મ ૧૮૩૯માં પાલીતાણા ખાતે.



● ૧૯૧૧ - ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન બાબુભાઇ જશભાઇ પટેલનો જન્મ.

● ૧૮૮૧ - રશિયન લેખક ફયોગેર મિખાઇલોવિન દોસ્તોયેત્સકીનું અવસાન.